પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૧૫ | ૪ જુલાઈ, ૨૦૨૩, મંગળવાર; અષાઢ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઓલ ટાઈમ હાઈ : સેન્સેક્સ ૬૫,૨૦૫

## સેન્સેક્સ ૪૮૭ પોઈન્ટના ઉછાળા સાથે આખરે બંધ : સ્થાનિક શેરબજારો દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે : એનએસઇ નિફ્ટી ૧૩૩.૫૦ પોઈન્ટ એટલે કે ૦.૭%ના વધારા સાથે ૧૯,૩૨૨.૫૫ પોઈન્ટના સ્તરે બંધ થયો



મુંબઈ, તા.૩

મેટલ, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરમાં ખરીદીને કારણે સોમવારે સ્થાનિક શેરબજાર ઉછાળા સાથે બંધ થયું હતું. બીએસઈ સેન્સેક્સ ૪૮૬.૪૯ પોઈન્ટ એટલે કે ૦.૭૫ ટકાના વધારા સાથે ૬૫,૨૦૫.૦૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આ રીતે સેન્સેક્સ પહેલીવાર ૬૫૦૦૦ ની ઉપર બંધ થયો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૧૩૩.૫૦ પોઈન્ટ એટલે કે ૦.૭%ના વધારા સાથે ૧૯,૩૨૨.૫૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝનો શેર સૌથી વધુ ૩.૪૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો.

જો સેક્ટરની વાત કરીએ તો મેટલ, ઓઈલ એન્ડ ગેસ, એફએમસીજી અને પીએસયુ બેંક ઈન્ડેક્સ ૧-૩ ટકાના ઉછાળા સાથે બંધ થયા છે. એ જ રીતે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ફાર્મા ઈન્ડેક્સ પણ ૦.૫-૧ ટકા સુધી ઘટીને બંધ થયા છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૦.૩ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫ ટકાના વધારા સાથે બંધ થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રધાનમંત્રી નિવાસસ્થાન પર ડ્રોનની માહિતીથી ખળભળાટ

## SPG અને સુરક્ષા એજન્સીઓ એલર્ટ : લગભગ ૫ વાગ્યે, એક વ્યક્તિએ પીએમ હાઉસ પર કંઈક ઉડતું જોઈને કોલ કર્યો

નવી દિલ્હી, તા.૩

નવી દિલ્હીના ઉચ્ચ સુરક્ષા અને નો ફ્લાઈંગ ઝોનમાં સ્થિત વડા પ્રધાનના નિવાસસ્થાન પર ડ્રોન ઉડાવવાના PCR કોલથી હલચલ મચી ગઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સોમવારે (૩ જુલાઈ) સવારે લગભગ ૫ વાગ્યે, એક વ્યક્તિએ પીએમ હાઉસ પર કંઈક ઉડતું જોઈને કોલ કર્યો, જેના પછી સુરક્ષા એજન્સીઓ અને પોલીસ એલર્ટ થઈ ગઈ. માહિતી બાદ એસપીજીએ તપાસ શરૂ કરી હતી પરંતુ આ દરમિયાન કંઈ મળ્યું નહોતું, ત્યારબાદ બધાએ રાહતનો શ્વાસ લીધો હતો. દિલ્હી પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. વડાપ્રધાનનું નિવાસસ્થાન લોક કલ્યાણ માર્ગ પર આવેલું છે અને સમગ્ર વિસ્તાર નો-ફ્લાઈંગ ઝોન હેઠળ આવે છે. દિલ્હી પોલીસે એક નિવેદન જારી કરીને કહ્યું કે તપાસ દરમિયાન એર ટ્રાફિક કંટ્રોલનો પણ સહયોગ લેવામાં આવ્યો હતો.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે નવી દિલ્હી ડિસ્ટ્રિક્ટના કંટ્રોલ રૂમને PMના નિવાસસ્થાનની નજીક એક અજાણી ઉડતી વસ્તુ વિશે માહિતી મળી હતી. આસપાસના વિસ્તારોમાં વ્યાપક શોધખોળ કરવામાં આવી હતી પરંતુ આવી કોઈ વસ્તુ મળી



પ્રતિકાત્મક તસવીર

નથી. એર ટ્રાફિક કંટ્રોલ રૂમનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો, તેઓને પણ પીએમના નિવાસસ્થાન નજીક આવી કોઈ ઉડતી વસ્તુ મળી ન હતી. વડાપ્રધાનના નિવાસસ્થાને પ્રવેશ ૯, લોક કલ્યાણ માર્ગથી છે. પ્રથમ કાર પાર્કિંગમાં મૂકવામાં આવે છે, પછી વ્યક્તિને રિસેપ્શન પર મોકલવામાં આવે છે. પછી સુરક્ષા તપાસ કરવામાં આવે છે. જે પછી વ્યક્તિ ૭, ૫, ૩ અને ૧ લોક કલ્યાણ માર્ગમાં એન્ટ્રી લે છે.

● અનુસંધાન પાન-૭ પર

# અજિત પવાર જૂથનું ભાજપ-શિવસેના સાથે ગઠબંધન

મુંબઈ, તા.૩

મહારાષ્ટ્રમાં રાજકારણમાં છેલ્લા ૨ દિવસથી મહાયુદ્ધ ચાલી રહ્યું છે. ૯ ધારાસભ્યો સાથે અજિત પવારનું શિંદે સરકારમાં જવું... આ ઘટના બાદ એનસીપીનેતા શરદ પવાર દ્વારા આ ૯ સામે કાર્યવાહી કરવી સહિતની ઘટનાઓ વચ્ચે વધુ એક મોટી ઘટના સામે આવી છે. અજિત પવારે ભાજપ-શિવસેના સાથે નવા ગઠબંધનના નામની જાહેરાત કરી છે. આ ગઠબંધનનું નામ 'મહાયુતિ' રાખવામાં આવ્યું છે.

**પ્રફુલ પટેલે પાર્ટી પર દાવો કરી જયંત પાટીલને મહારાષ્ટ્રના પ્રદેશ અધ્યક્ષ પદેથી હટાવી દીધા, સુનિલ તટકરેને મહારાષ્ટ્રની જવાબદારી સોંપવા નિર્ણય**

તો બીજીતરફ એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષના નામના પ્રશ્નના જવાબમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર - શું તમે ભૂલી ગયા છો કે, શરદ પવાર પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છે...

ઉલ્લેખનિય છે કે, મહારાષ્ટ્રના રાજકારણમાં ચાલી રહેલ રાજકીય ડ્રામા હજુ અટક્યો નથી. રવિવારે મોટી ઉથલપાથલ બાદ એનસીપીના બંને જૂથ (શરદ અને અજિત) વચ્ચે શબ્દયુદ્ધ શરૂ થઈ ગયું છે.

એક તરફ શરદ પવારની એનસીપીએ બળવાખોર નેતાઓ સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે, તો બીજી તરફ એનસીપીપાર્ટી પર દાવો કરનારા અજિત પવાર જૂથે શરદ પવારના નજીકના લોકોને પદ પરથી હટાવી દીધા છે.

સોમવારે સાંજે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં અજિત પવાર જૂથના નેતા પ્રફુલ પટેલે પાર્ટી પર દાવો કરી જયંત પાટીલને મહારાષ્ટ્રના પ્રદેશ અધ્યક્ષ પદેથી હટાવી દીધા અને કહ્યું કે, કોઈને પણ ગેરલાયક ઠેરવવાનો અધિકાર સ્પીકર પાસે છે. પ્રફુલ્લ પટેલે જાહેર

● અનુસંધાન પાન-૭ પર

# વિપક્ષોની ૧૭-૧૮મીએ બીજી મહાબેઠક બેંગલુરૂમાં યોજાશે

## મહારાષ્ટ્રમાં ઉથલપાથલ બાદ વિપક્ષની બેઠક રદ થઈ હતી

નવી દિલ્હી, તા.૩

૨૩ જૂને પટણામાં વિપક્ષની મોટી બેઠક થઈ હતી. હવે કોંગ્રેસ શાસિત રાજ્ય કર્ણાટકમાં વિપક્ષની બીજી મોટી બેઠક યોજવા જઈ રહી છે. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે જણાવ્યું છે કે, આગામી બેઠક બેંગલુરુમાં ૧૭-૧૮ જુલાઈએ યોજાશે. તેમણે ટ્વીટ કરીને આ અંગેની માહિતી આપી છે. વેણુગોપાલે ટ્વીટ કર્યું, પટનામાં વિપક્ષની સર્વપક્ષીય બેઠકની અપાર સફળતા બાદ હવે આગામી બેઠક બેંગલુરુમાં ૧૭ અને ૧૮ જુલાઈએ યોજાવા જઈ રહી છે. અમે દેશની સામે મજબૂત વિઝન રજૂ કરીશું. ઉલ્લ્લેખનીય છે કે અગાઉ આ બેઠક માટે ૧૩-૧૪ જુલાઈની તરીકે નક્કી કરવામાં આવી હતી. પરંતુ આજે સવારે જ ૧૩-૧૪ જુલાઈની બેઠક મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. જેડીયુના વરિષ્ઠ નેતા કેસી ત્યાગીએ બેઠક મુલતવી રાખવાની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું હતું કે, હાલ માટે આ બેઠક રદ કરવામાં આવી છે.

# બાંગ્લાદેશના પ્રવાસ માટે ભારતીય મહિલા ટીમ જાહેર

નવી દિલ્હી, તા.૩

મહિલા પસંદગી સમિતિએ બાંગ્લાદેશ સામેની ત્રણ મેચની ટી૨૦ અને વન-ડેસિરીઝ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની જાહેરાત કરી છે. આ સિરીઝની તમામ ૬ મેચો મીરપુરના શેર-એ-બાંગ્લા નેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. ફાસ્ટ બોલર રેણુકા સિંહ, વિકેટકીપર-બેટ્સમેન રિચા ઘોષ, અનુભવી ઓલરાઉન્ડર શિખા પાંડે અને ડાબોડી સ્પિનર રાજેશ્વરી ગાયકવાડને બાંગ્લાદેશ સામે ૯ જુલાઈથી શરૂ થનારી સિરીઝ માટે ટીમ ઈન્ડિયામાં સ્થાન મળ્યું નથી.

બીસીસીઆઈએ અખબારી યાદીમાં એ માહિતી પણ નથી આપી કે આ ત્રણને ટીમમાં શા માટે સામેલ કરવામાં આવ્યા નથી. રિચા ઘોષની ગેરહાજરીએ આસામની ઉમા છેત્રી માટે દરવાજા ખોલી દીધા છે. જે ટી૨૦ અને વન-ડેબંને ટીમોમાં યાસ્તિકા ભાટિયા પછી બીજી વિકેટકીપર છે. ૨૦ વર્ષીય ઉમા ભારત એટીમનો ભાગ હતી જેણે હોંગકોંગમાં એસીસીઈમર્જિંગ નેશન્સ ટુર્નામેન્ટ જીતી હતી.

# સીઆરએસે બાલાસોર ટ્રેન દુર્ઘટના માટે માનવીય ભૂલને જવાબદાર ગણાવી

## ઓડિશા ટ્રેન દુર્ઘટના પર મહિના બાદ ખુલાસો : કમિશનર ઓફ રેલવે સેફ્ટીએ કોઈપણ પ્રકારની તોડફોડ કે ટેકનિકલ ખામી હોવાની વાતને ફગાવી દીધી

બાલાસોર, તા.૩

ઓડિશાના બાલાસોરમાં ટ્રેન દુર્ઘટનાના એક મહિના પછી કમિશનર ઑફ રેલવે સેફ્ટી (સીઆરએસ) એ અકસ્માત માટે 'માનવીય ભૂલ' ને જવાબદાર ગણાવી છે. આ સાથે સીઆરએસએ કોઈપણ પ્રકારની તોડફોડ કે ટેકનિકલ ખામી હોવાની વાતને ફગાવી દીધી છે. ઉલ્લેખનીય છે કે આ અકસ્માતમાં ૨૯૩ લોકોના મોત થયા હતા જ્યારે ૧,૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) પહેલાથી જ આ દુર્ઘટનામાં ગુનાઈત ષડયંત્રની કોઈ શક્યતાની તપાસ કરી રહી છે. જાણકારોના મતે તપાસમાં કેટલાક અધિકારીઓની બેદરકારી સામે આવી છે. અધિકારીઓએ નિરીક્ષણ દરમિયાન પૂરતી સુરક્ષા

● અનુસંધાન પાન-૭ પર




# સુપ્રીમ કોર્ટ શરૂ થઈ, અનેક મહત્વપૂર્ણ નિર્ણયોની શક્યતા


## ઊનાળાનું ૪૨ દિવસનું વેકેશન પુરૂં : ઉનાળુ વેકેશન બેન્ચે ૭૦૦ કેસોનો નિકાલ કર્યો હતો

નવી દિલ્હી, તા.૩

૪૨ દિવસના ઉનાળુ વેકેશન બાદ આજથી સુપ્રીમ કોર્ટ ખુલશે. દરમિયાન મણિપુર હિંસા અને અતીક અહેમદ અને અશરફની હત્યાની ન્યાયિક તપાસ માટે તેની બહેન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આજે સુનાવણી શરૂ થઈ શકે છે. આ સાથે સમલૈંગિક લગ્ન સહિત અનેક મહત્વપૂર્ણ બાબતોમાં નિર્ણયો આવી શકે છે.

અગાઉ, ઉનાળુ વેકેશન બેન્ચે ૨,૦૦૦ થી વધુ કેસોની સુનાવણી કરી હતી અને ૭૦૦ કેસોનો નિકાલ કર્યો હતો. તે જ સમયે, જસ્ટિસ કેએમ જોસેફ ૧૬ જૂને, જસ્ટિસ અજય રસ્તોગી ૧૭ જૂને અને જસ્ટિસ વી રામસુબ્રમણ્યમ ૨૯ જૂને રિટાયર થયા હતા. સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોના ૩૪ મંજૂર પદો છે, તેમની સંખ્યા ઘટાડીને ૩૧ કરવામાં આવી છે.

જસ્ટિસ જોસેફ અને જસ્ટિસ રસ્તોગી પણ પાંચ સભ્યોના કૉલેજિયમના સભ્ય હતા. તેમની જગ્યાએ કોલેજિયમના વડા ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંતનો સમાવેશ કર્યો છે.




**SENCO GOLD LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the RHP with RoC on June 27, 2023. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, the websites of the Stock Exchanges i.e., BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and the websites of the BRLMs, i.e., IIFL Securities Limited, Ambit Private Limited and SBI Capital Markets Limited at www.iiflcap.com, www.ambit.co and www.sbicaps.com, respectively. Potential Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled *"Risk Factors"* on page 31 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in 'offshore transactions' as defined in, and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.